# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું વૈશ્વિક મંચ પર ભારતનું કદ વધી રહ્યું છે
2. EPFOના સભ્યો હવે સભ્ય પોર્ટલ પર એક જ લોગિન દ્વારા તેમની બધી મુખ્ય સેવાઓ સરળતાથી મેળવી શકશે
3. ભારત અને સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠને વિશ્વ કક્ષાના બ્લુ પોર્ટ વિકસાવવા કરાર કર્યા
4. યુનેસ્કોએ વિશ્વ વિરાસત સ્થળની કામચલાઉ યાદીમાં ભારતના સાત નવા સ્થળોનો સમાવેશ કર્યો
5. એશિયા કપ ક્રિકેટમાં શ્રીલંકા સામેની મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતી બેટિંગનો નિર્ણય કર્યો.

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. RAJNATH-MANTHAN CONFERENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું છે કે વૈશ્વિક મંચ પર ભારતનું કદ વધી રહ્યું છે. નવી દિલ્હીમાં બે દિવસના રાષ્ટ્રીય પરિષદ મંથન ૨૦૨૫ ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે આ વાત કહી. શ્રી સિંઘે ભાર મૂક્યો કે જ્યારે પ્રયાસો અને કાર્યો રાષ્ટ્રીય હિત સાથે સુસંગત હોય છે, ત્યારે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત થશે. તેમણે ભારતીય સંરક્ષણ સંપત્તિ સેવા- IDES ના અધિકારીઓને ભારતને વિકસિત દેશમાં રૂપાંતરિત કરવાના સરકારના સંકલ્પ સાથે સુમેળમાં કેન્ટોનમેન્ટ બોર્ડને અદ્યતન, હરિયાળા અને ટકાઉ શહેરી માળખામાં વિકસાવવા પ્રયત્નશીલ રહેવા અને વર્ષ 2035 સુધીમાં લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવા હાકલ કરી.

IDES અધિકારીઓની પ્રશંસા કરતા શ્રી સિંઘે નોંધ્યું કે, સશસ્ત્ર દળો સાથે સહયોગમાં સેવા 18 લાખ એકરથી વધુ સંરક્ષણ જમીનનું સંચાલન કરી રહી છે અને સમગ્ર દેશમાં 61 કેન્ટોનમેન્ટમાં રહેતા નાગરિકોના કલ્યાણની ખાતરી કરી રહી છે. તેમણે સેવા વિતરણને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને નાગરિક-મૈત્રીપૂર્ણ બનાવવા પ્રણાલી અને પ્રક્રિયાઓને સતત અદ્યતન કરીને આધુનિક શહેરો જેવા કેન્ટોનમેન્ટ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . .

# CHALO JEETE HAI SCREENING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 75મા જન્મદિવસની ઉજવણી અંતર્ગત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ, "ચલો જીતે હૈં" આજે દેશભરની લાખો શાળાઓ અને લગભગ 500 સિનેમાઘરોમાં પ્રદર્શિત થઈ રહી છે.

ફિલ્મમાં શ્રી  મોદીના જીવનની બાળપણની ઘટનાથી પ્રેરિત એક નાના છોકરા, નારુની વાર્તા છે, જે સ્વામી વિવેકાનંદના દર્શનથી ખૂબ પ્રભાવિત છે અને તેની નાની દુનિયામાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. ફિલ્મ મૂળ 2018 માં રિલીઝ થઈ હતી અને તે વર્ષની સૌથી વધુ જોવાયેલી ટૂંકી ફિલ્મોમાંની એક હતી.

આ ટૂંકી ફિલ્મને 2019 માં જાહેર કરાયેલ 66મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં કૌટુંબિક મૂલ્યો પર શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. "ચલો જીતે હૈં" નું નિર્દેશન મંગેશ હડાવલે દ્વારા કરવામાં આવ્યું છે અને આનંદ એલ. રાય અને મહાવીર જૈન દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

આ અંગે દર્શકોએ પ્રતિક્રિયા આપી.

(કેપ્સ્યુલ)

. . . . . . . . . . . . . .

## AMIT SHAH-BEGUSARAI

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારે છેલ્લા 11 વર્ષમાં વિકાસ પ્રોજેક્ટ્સ અને કાર્યો માટે બિહારને 14 લાખ 85 હજાર કરોડ થી વધુની સહાય પૂરી પાડી છે.

(Byte—Amit Shah)

તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસ મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા અંગે લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ ભારતીય નાગરિકનું નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું હતું કે વિશેષ સઘન સુધારા મતદાર યાદીમાંથી ઘૂસણખોરોને મુક્ત કરવા માટેનું અભિયાન છે. શ્રી શાહે બેગુસરાય ઉપરાંત, પટણા ગ્રામીણ, પટણા મહાનગર, બારહ, નાલંદા, શેખપુરા, મુંગેર, જમુઈ, લખીસરાય અને ખાગરિયા જિલ્લાના નેતાઓ અને કાર્યકરોએ પણ બેઠકમાં હાજરી આપી હતી. શ્રી શાહે કાર્યકરોને બૂથ સ્તરે સક્રિય રહેવા વિનંતી કરી હતી. આ બેઠક આગામી ચૂંટણીઓની તૈયારી અને પાર્ટી સંગઠનને મજબૂત બનાવવા માટે યોજાઈ હતી.

. . . . . . . . . . . . . . .

## EPFO - MEMBER PORTAL

કર્મચારી ભવિષ્ય નિધિસંગઠન (EPFO) ના સભ્યો હવે સભ્ય પોર્ટલ પર એક જ લોગિન દ્વારા તેમની બધી મુખ્ય સેવાઓ સરળતાથી મેળવી શકશે.

શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આ પહેલથી ફરિયાદો ઘટાડવા, પારદર્શિતા સુધારવા અને સભ્યોનો સંતોષ વધારવાની અપેક્ષા છે. તેમણે કહ્યું કે અગાઉ, ડ્યુઅલ લોગિન સિસ્ટમના કારણે વિલંબ, પાસવર્ડ સંબંધિત સમસ્યાઓ અને સભ્યોની ફરિયાદોના નિરાકરણમાં મુશ્કેલી પડતી હતી. શ્રી માંડવિયાએ વધુમાં માહિતી આપી

હતી કે પાસબુક લાઇટ સુવિધા હવે પોર્ટલ પર  ઉપલબ્ધ છે, જ્યાં સભ્યો યોગદાન, ઉપાડ અને વર્તમાન બેલેન્સ દર્શાવતી સારાંશ પાસબુક જોઈ શકે છે.

. . . . . . . . . . . . . . .

## PENSION SCHEME - LAST DATE

નાણા મંત્રાલયે આજે પાત્રતા ધરાવતા કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને ભૂતપૂર્વ નિવૃત્ત કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી NPS માંથી યુનિફાઇડ પેન્શન સ્કીમ- UPS માં ફેરફાર કરવાની છેલ્લી તારીખ 30 સપ્ટેમ્બર જાહેર કરી છે.

મંત્રાલયે એક નિવેદનમાં, જણાવ્યું હતું કે UPS હેઠળ પાત્રતા ધરાવતા કર્મચારીઓ માત્ર એક જ વાર NPS માં જોડાવાનો વિકલ્પ પસંદ કરી શકે છે અને આ ફેરફાર  કરવાનો નિર્ણય નિવૃત્તિના ઓછામાં ઓછા એક વર્ષ પહેલા અથવા સ્વૈચ્છિક નિવૃત્તિના ત્રણ મહિના પહેલા લઈ શકાય છે. આ પગલાનો હેતુ કર્મચારીઓને નિવૃત્તિ પછી નાણાકીય સુરક્ષા માટે આયોજન કરવાનો વિકલ્પ પૂરો પાડવાનો છે. નાણાકીય સેવાઓ વિભાગે પાત્રતા ધરાવતા કર્મચારીઓને છેલ્લી ઘડીની સમસ્યાઓ ટાળવા અને તેમની વિનંતીની સરળ પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે વહેલા પગલાં લેવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## MEGHWAL - FICCI

કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું છે કે ભારત તેના નાગરિકોને ગેરકાયદેસર અને નકલી વેપારથી બચાવવા માટે પ્રતિબદ્ધ છે. શ્રી મેઘવાલે આજે નવી દિલ્હીમાં FICCI ના દાણચોરી અને નકલી વેપાર વિરુદ્ધ ચળવળના 11મા સંસ્કરણના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું. શ્રી મેઘવાલે કહ્યું કે તાજેતરના વસ્તુ અને સેવા કર (GST) સુધારાઓએ દરેકને નોંધપાત્ર રાહત આપી છે.

. . . . . . . . . . . . . .

## INDIA - BLUE PORTS

ભારત અને સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠને વિશ્વ કક્ષાના બ્લુ પોર્ટ વિકસાવવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મત્સ્યઉદ્યોગ

વિભાગે ભારતમાં બ્લુ પોર્ટ ના માળખાકીયવિકાસ  ને મજબૂત બનાવવા માટે ટેકનિકલ સહયોગ કાર્યક્રમ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ પહેલ હેઠળ, મત્સ્યઉદ્યોગ વિભાગે આજે તેનો પ્રથમ વેબિનારનું આયોજન કર્યું હતું. મત્સ્યઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. અભિલક્ષ લખીએ રાષ્ટ્રીય ખાદ્ય અને પોષણ સુરક્ષાને મજબૂત બનાવવાના સરકારના વિઝન પર ભાર મૂક્યો હતો. દીવમાં વણકબારા, પુડુચેરીમાં કરાઈકલ અને ગુજરાતમાં જખૌ. દીવમાં વણકબારા, પુડુચેરીમાં કરાઈકલ અને ગુજરાતમાં જખૌ એમ ત્રણ પાયલોટ બંદરોને કુલ 369.8 કરોડ રૂપિયાના રોકાણ સાથે મંજૂરી આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

## GST REFORM

આ સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી હતી., GST કાઉન્સિલે નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર દરોમાં ઘટાડો કર્યો છે  નવા દર આ મહિનાની 22 તારીખથી અમલમાં આવશે, જેનો લાભ જનતાને મળશે.સાંભળીએ આ અંગે એક અહેવાલ

**(byte આરજૂ.જીએસટી reform)**

. . . . . . . . . . . . . .

## UNESCO NEW SITE

યુનેસ્કોએ  વિશ્વ વિરાસત સ્થળની કામચલાઉ યાદીમાં ભારતના સાત નવા કુદરતી વિરાસત  સ્થળોનો સમાવેશ કર્યો છે, જેનાથી યાદીમાં ભારતીય સ્થળોની સંખ્યા 62 થી વધીને 69 થઈ ગઈ છે.

સંસ્કૃતિ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સમાવેશ સાથે, ભારતમાં હવે 49 સાંસ્કૃતિક, 17 કુદરતી અને 3 મિશ્ર વારસા સ્થળો છે. નવા સમાવિષ્ટ સ્થળોમાં મહારાષ્ટ્રમાં પંચગની અને મહાબળેશ્વર ખાતે ડેક્કન ટ્રેપ્સ, કર્ણાટકમાં સેન્ટ મેરી ટાપુઓનો ભૂસ્તરશાસ્ત્રીય વારસો, મેઘાલય યુગની ગુફાઓ, નાગા હિલ ઓફિઓલાઇટ, આંધ્રપ્રદેશમાં એરા મટ્ટી ડિબ્બલુ, કેરળમાં તિરુમાલા ટેકરીઓ અને વર્કલા ખડકોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

## CRICKET ASIA CUP

એશિયા ટી-20 કપ ક્રિકેટમાં આજે અફઘાનિસ્તાન અને શ્રીલંકા વચ્ચે ગ્રુપ-બીમાં એક મહત્વની મૅચ રમાશે. અબુધાબીમાં હમણાં જ રાત્રે આઠ વાગ્યે આ મુકાબલો શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ, અફઘાનિસ્તાને ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. શ્રીલંકા બે મૅચમાં ચાર પૉઈન્ટ સાથે ગ્રુપ-બીમાં ટોચ પર છે. બીજી તરફ, સુપર ફોરમાં પહોંચવા માટે અફગાનિસ્તાનને આ મૅચ જીતવી જરૂરી છે.

અબુધાબીમાં ભારત હવે આવતીકાલે ગ્રુપ-એની અંતિમ મૅચમાં ઑમાન સામે રમશે. આ મૅચ રાત્રે આઠ વાગ્યાથી શરૂ થશે.

. . . . . . . . . . . . . . .

# SEVA PAKHWADA OVERALL

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે નવી દિલ્હીમાં "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ વૃક્ષારોપણ અભિયાનનું નેતૃત્વ કરીને ‘સેવા પખવાડા’ માં ભાગ લીધો હતો. શ્રી યાદવે સોશિયલ મીડિયા પોસ્ટમાં, નાગરિકોને ધરતી માતાના નામે એક વૃક્ષ વાવવા વિનંતી કરી હતી. મંત્રીએ વધુમાં કહ્યું કે "એક પેડ મા કે નામ" અભિયાનનો બીજો તબક્કો ફક્ત પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જ ફેલાવતો નથી પરંતુ તેના પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

સેવા પખવાડા અંતર્ગત આજે નવી દિલ્હી ના **આકાશવાણીના પરિસરમાં આકાશવાણીના મહાનિર્દેશક** રાજીવ કુમાર જૈને અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે પ્રતિજ્ઞા લેનારા સભ્યોને દર વર્ષે ઓછામાં ઓછા 100 કલાક સ્વચ્છતા માટે સમર્પિત કરવાનો આગ્રહ કર્યો હતો. પ્રતિજ્ઞામાં પોતે કચરો ન ફેંકવા અને બીજાને કચરો ન ફેંકવા દેવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

કાયદા અને ન્યાય મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં  કોરિડોર જેવા જાહેર સ્થળોની દૈનિક સફાઈ, પર્યાવરણને અનુકૂળ અને શૂન્ય કચરાના ઉજવણીનો સમાવેશ થાય છે. અને  દેશને સ્વચ્છ બનાવવામાં નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.

. . . . . . . . . . . . . .